निति रत्नमाला.

બાળકીઓને માટે

રચનાર

શુભેચ્છક.

પ્રસિદ્ધ કર્તા

ભીમભાઇ લાલભાઈ દેશાઈ.

સુરત "દેશી મિત્ર" એનજીન પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૫. સને ૧૯૦૯

કીંમત બે આના.



નીતિ રત્નમાલા.

બાળકીઓને માટે

રચનાર

શુભેચ્છક.

પ્રસિદ્ધ કર્ત્તા

ભીમભાઇ લાલભાઈ દેશાઈ.

,રત "દેશી મિત્ર" એનજીન પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯.

કીંમત બે આના.

અનુક્રમણિકા.

નીતિ રત્નમાલા.

બાળકીઓને માટે

ગરબા

૧

ગાગરીઆં મત ઢોરોરે કનૈયા —એ રાગ.

જય જય દેવિ સરસ્વતિ જયજય, ચરણ કમળ સુખદાઇ
હાંરે હાંરે ચરણ જય ॥ ટેક
જય જગજનની જય હિતકારી, મન વાંછીત વરદાઇ—
જય જય.
અમિરસ ઝરણ કરે તું શશિસમ, ધરી સમતા સહુ માંહી—
જય જય.
ઘન રૂપ જાતિ દેશ ધરમની, નથી લહી ભીંનતા કાંઈ—
જય જય.
સ્વરૂપ નવ નવાં સુંદર તારાં, દર્શન માંહી સદાઇ-જય જય.
જેની જેવી ભક્તિ તેને, તેવું આપે ચાહી—જય જય.
એક અવાજે સરવ ધરમમાં, તુજ ગુણ રહ્યા ગવાઇ—
જય જય.
તૃણનો મેરૂ મેરૂનો તૃણ તુજ, કૃતિમાંહી નવાઇ-જય જય

કંઇ સરજાવે કંઇ સંહારે, પ્રીતે પાળે કાંઇ-જય જય.
ત્રિભુવનમાં મહિમા તુજ મોટો, સતત રહયો વખણાઇ-
જય જય.
કરી અજવાળું તિમિર મિટાડે, અભય હિયે મુજ માઇ-
જય જય
પાતક સેવકનાં પરજાળે, શકિત ન જાય કળાઈ-જય જય.
સમરથ સાચી દેવી દયાળુ, ચરણ કમળ રહું સ્હાઈ-.
જય જય

૨

[ગોવાલણીના ઘર પછવાડે મોહન મોરલી બજાવેજી]
પ્રભુ પદ પંકજ પરમ પીયુષમય, પ્રીતથી પ્રથમે સમરીએજી
સર્વે બધાં શુભ કામ તણારે, આરંભ નિશ્ચય કરીએજી-ટેક
અમૃત પાનથી નિર્ભય થઇને સતમારગે સંચરવુંજી
વિઘન વિદારણ સમરથ સ્વામી, વિઘનથી લેશ ન ડરવુંજી-
પ્રભુ.
જળચર, ભુચર, ખેચર, સહુનો, સ્વામી એ સમરથ સોહેજી
આણ તે વરતી, રહી ત્રીભુવનમાં, વશ વરતે સહુ કોએજી-
પ્રભુ.
વિશ્વ સકળનો એજ નિયંતા, સહુ વિદ્વાન વદંતાજી
મંત્રીને, તંત્રી, એજ વિરાજે, શ્રેષ્ટ સદા ગુણવંતાજી-પ્રભુ.

અંતરનું તે ગાઢું અંધારૂ, સદ્ વિદ્યાથી ટાળેજી
ભાંજી ભુંડા, સહુ ભ્રમ ભયને, નિતી પંથે વાળેજી   પ્રભુ.
પરમ ગુરૂ શ્રી નથી અળગો એ, અંતરમાંહી નિવાસેજી
લાડ લડાવે ભક્તને તે જો, રહે પુરણ વિશ્વાસેજી   પ્રભુ.
પરમ ગુરૂને, ને શ્રી ગુરૂને, મસ્તક મારૂં નામુંજી
આરંભુ હોંસે અભ્યાસજ, જેથીં અતિ સુખ પામુંજી પ્રભુ.

૩

મહા કોપ તે થયો છે કળી કાળમાંજો—એ રાગ

ચરણ કમળ શરણ ગુરૂજી અમે આવિયાંજો
નથી બાળક ને નિધન કશું લાવિયાંજો ॥ ચરણ
શુંણી ખ્યાતી શ્રેષ્ઠ બોધ આપ આપતાજો
સુરજ સમ સદાય તિમિર સરવ કાપતાજો ॥ ચરણ
પુરણ જ્ઞાનવાનને કૃપા નિધાન છોજો
શીતળ સુખદાઇ સ્વામિ શશી સમાન છોજો ॥ ચરણ
સકળ ગુણનીધી શ્રી રત્નના ભંડાર છોજો
પરોપકારી, સ્વાર્થ રહિત, ને, ઉદાર છોજો ॥ ચરણ
સરવ મુરખ ને અજ્ઞાન અમે છું ઘણાંજો
અભીલાખ દૂર ધારૂં સુવિદ્યા તણાજો ॥ ચરણ
પામી જનમ જગત માંહી. મનુશનો વડોજો

કરવું ન કરવું શું, જાણું તે નહીં ધરોજો ।। ચરણ
પશુ સમાન સરવને પ્રભુજી જાણજોજી
નિરપરાધી જીવ ઉપર દયા આણજોજી ।। ચરણ
મન સુધારી કેળવી કુળાં કરો તમેજો
વિનય, નીતી, રીતી શીખથી જિંદું અમેજો ।। ચરણ
અવિદ્યા મલીનતાથી રૂદય આરસીજો
પડે વસ્તુની છબી નહીં ખરી કશીજો ।। ચરણ
વિના જ્ઞાન ન અજ્ઞાન કદી મીટશેજો
કુમતિ કૃતી વ્હેમ, બુદ્ધિ વધે, ફીટશેજો ।। ચરણ
કરો દુર સદુપદેશના વિમળ જળેજો
નયન પ્રગટ થાય, અંધતા ભુંડી ટળેજો ।। ચરણ
પાણી જોડીને પદ પંકજે પ્રણામીએજો
કરો કૃપા કટાક્ષ, દુઃખથી વિરામિએજો ।। ચરણ
કહું વિનય મૃદુ વેણુથી સહુ વીનવીજો
ટાળો પશુપણું, બનાવો શુદ્ધ માનવીજો ।। ચરણ

૪

(એની તજીએરે સખી તજીએરે રીત બાળલગનની—એ રાગ)

વ્હેલી વ્હેલીરે (૨) ઉઠઃ નિત્ય સાહેલી
હરી સમરણરે (૨) કરજો સહુ પ્હેલી
દંત ધાવનરે (૨) કરી મુખ સુધારો

સાચાં મધુરાંરે (૨) હોજો વાણી વિચારો
શિઘ્ર સઘળુંરે (૨) કામ કરવું વડીલનું
સ્નાન કરવુંરે (૨) પછી નિર્મળ જળનું
મળ મીટતાંરે (૨) થાય શરીરની શુધ્ધી
તેવાં નિર્મળરે (૨) હુજો મુજ મન બુધ્ધી
સ્નાન સમયેરે (૨) ચિત્ત ચિંતવું એવું
પછી પટકુળરે (૨) શુધ્ધ પ્હેરીરે લેવું
વાળી આસનરે (૨) બેશો થીર કરીને
ભાવે ભજવારે (૨) નીત નિજ હરીને
પાઠ કરવારે (૨) હોંસે સમજી ચતુરે
ભોજન કરવુંરે (૨) સ્મરીને હરી ઉરે
માગો માગોરે (૨) હરી પાસ તે એમ
તન પુષ્ટીરે (૨) કરૂં અન્નથી જેમ
તેમ મનનીરે (૨) હુજો શુભ વિચારે
રાચું અંતરરે (૨) મચી પરઉપકારે
શાણી થઇનેરે (૨) જવું નિત્ય નિશાળે
સારી ચાલેરે (૨) સહુ નેહથી ન્યાળે
આજ્ઞા સંધીરે (૨) પાળવી ગુરૂ કેરી
લક્ષ દઇનેરે (૨) શિખું વિદ્યા ઘણેરી
ઘેર જવુંરે (૨) છુટી મળતાંજ સાંજે
પીતા માતારે (૨) દેખી દક્ષ મહિરાજે

ડાહી રમતેરે (૨) રમી થવું મનરાજી
કામ ઘરનાંરે(૨) કરી રીઝવવાં માજી
વાળુ કરીનેરે (૨) શીખો પાઠ તમારો
માતતાતનારે(૨) ઉપકાર સંભારો
સુતાં પ્હેલાંરે (૨) ગાઓ હરી ગુણ પ્રીતે
સુખી થાશોરે(૨) ચાલતાં એજ રીતે

૫

(અલબેલીરે અંબે માત જોવાને જઈએ એ રાગ)

સજ સજની સરવ થાઓ, ભણતર ભણીએરે
શીખોં હુનરને ઉદ્યોગ, ચતુરાં બણીએરે ॥ સજ
ભણતાં વિદ્યા ભાવ થકીરે, ટળશે નિજ અજ્ઞાનજો
જુઠા વહેમ મોટે દુખદાઇ, મળશે મોટું માન ॥ ભણતર
વિદ્યા વિના પશુસમ સઘળે ફોગટ જન અથડાયજો
નહિં કરવાનાં કામ કરીને ગોદા તે બહુ ખાય ॥ ભણતર
શું કરવું ને શું નહિં કરવું, શીખવે વિદ્યા સારજો
આંખો આપે અંધ જનોને, ટાળે અવર વિકાર—ભણતર
નીતી રીતી સદ્દગુણની એ, છે વિદ્યા દાતારજો
સરસ્વતી નિજ સેવકનો, નિત, કરે સુખી સંસાર—ભણતર
કેલવણીથી કદરૂપ મનડું, ખીલી દે સુવાસજો
શોભી પર ઉપકારી થાતાં, છે દુર્ગંધ વિનાશ ॥ ભણતર

બહુજ ચોપડીઓ વાંચી પણ, શિક્ષણ નહિં પળાયજો
ખાડામાં દાટયાં રત્નો ત્યમ, વ્યર્થ નહિં વપરાય ।। ભણુતર ૨
સ્ત્રીનાં સઘળાં કામ શીખીને થાવું છે સન્નારજો
મોટા ઘર મંત્રીનો મળશે મરણુ સુધી અધિકાર—ભણુતર
ઘરનાં કામો શીખી સઘળાં હોંસે કરો સહાયજો
રસોઇની રીત જાણી પણ શું, ફળજો તે નહિ થાય—ભણુતર
ગુંથતાં ભરતાં ને ચીતરતાં શીખવું ગાતાં ગીતજો
નીતિ વિનયને વર્તન સારૂં, મેળવશે જશ નીત ।। ભણુતર
સ્વામિ વડીલને સ્નેહિ સગાંદિક, સહુ પ્રત્યે નિજ ધર્મજો
સમજીને વરતે તે નિશ્ચય પામે છે સુખ પર્મ ।। ભણુતર
સુખ દુઃખ છે દુનિયાને માથે જ્યમ તડકો ને છાંયજો
ધીરજ ધરશે નાર ભણેલી અભણ મુરખ ગભરાય ।। ભણુતર
જગત મહિં તોફાન ઘણેરાં ભયથી ચિત ભડકાયજો
નાવ સાચવી નાવિક ચતુરો વિવેકથી લઇ જાય—ભણુતર
અણસમજુ તે કરશે હાની પામે દુઃખ વણ પારજો
ચતુર બની જશ જગમાં લેશું રીઝવશું કિરતાર—ભણુતર

૬

(કામણ દિશે છે. અલબેલા તારી આંખમાંરે)
એની સદ ગુણમાં સદ ભાવે મનડું વાળિએજો,
નિત્યે આચારો, વિચારો, ઉંચા પાળિએજો ।। ટેક

સાખી

સ્નેહે સદ્દગુણ સેવતાં લેતાં શિક્ષા સાર
અમુલ્ય અમૃત પાન એ ટલશે સર્વ વિકાર
ટલતાં સર્વ વિકારો વિમળ વર્તને ચાલીએજો-એની

સાખી

ભેગાં રત્ન કીધાં ઘણા, જેમ અતિ મુલવાન
જો તે નાહું વપરાય તો, છે પાષાણ સમાન
નિતી વિદ્યાની શીખામણ એમજ ભાળિએજો-એની

સાખી

ભેગાં તો ઘરમાં કિધાં ચળકિત બહું હથિઆર
દુશ્મન શું વણ વાપરે, ડરશે દિલ લગાર
ખાશું, મારથશુવશ, નિજઘરમાં દુખ ઘાલિએજો-એની

સાખી

વિકાર કુડા અંતરે, બાઝયા છે બળવાન
સખ્ત પરેજી પાળવી, કરવું ઓસડ પાન
ઓસડ ઓસડ કેવળ વદતાં રોગ ન ટાળિએજો-એની

સાખી

પ્રસર્યુ છે વિખ શરીરમાં, અગન ઉઠી છે અંગ
ભ્રમણામાં જીવ ભટકતો, સુખ શાંત્તનો ભંગ
સદ્ ઉપચાર કિધાવણ શરિર નિરંતર ગાળીએજો-એની

સાખી

કંટાળાનો ઢગ વડો આપે છે બહુ ત્રાસ
જો અગ્નિ લાવી મુકે થાય તવ તે નાશ.
શિક્ષણ સદ્ વર્તનથી તેમજ દુર્ગુણ બાળિએજો--બેની.

સાખી

મીઠા મેવાના ઘણા, ગુણ મુખેથી ગાય
પણ તૃપ્તી તો થાય છે જ્યારે તેજ ચખાય
વર્તન વણ સહુ શિક્ષણ, નિશ્ચય અફળ નિહાળીએજો--
બેની.

સાખી

કંઈક પ્રથમ વેઠયા વિના સુખ નહિંજ પમાય
તેલ સુગંધિત થાય છે ઉકળી અગ્નિ માંહ્ય
સદ્‌ગુણ એમ સિંચીને, જશ જનમાં સંભાળિએજો--બેની.

સાખી

રૂડાં વર્તનથી બધે રૂડાં બિજ વેરાય
રૂડાં ફુલ ફલ નિપજે જન મન બહુ હરખાય
ધન ધન વાડી સુંદર કરી કાળજી માળીએજો-બેની.

સાખી

માલીક લાભ લીએ અને, પરજન સંતોખાય
એમ જગતમાં વેરવાં, સુકૃત બહુ સદાય
એ તો સાચો સાર જીવનનો સરવે ગાળિએજો--બેની

સાખી

ઉંચી શિક્ષા પામતાં, વરતો તે પરમાણ
કીર્તી વધારો જગતમાં, છાંડી ફોગટ વાણ
રિજે ઈશ્વર નિશદિન સુખ આનંદે મ્હાલિએજો-બેની.

૭

(સાખી રાગ ઉપરનો)

સેવો સેવો તે સંપ કહાય, સખી સહુ સંપને સેવો
એથી નિશદિન અતિ સુખ થાય ।। સખી સહુ—ટેક.
સેવો સ્નેહે સંપને, છાંડી છળ ને કલેશ
સંપે સહુ સંસારનાં, થતા વ્યવ્હાર રૂડા હંમેશ—સખી.
ભાઈ બેન માતા પીતા, સુત સ્નેહિ વળી કોય
લડતાં બીજા લુટશે, પછી પસ્તાઇ નિશ્ચય રોય—સખી.
સગાં સહોદર અવર સહુ, સંપે બહુ શોભાય
બહુ પુલ પત્રે બાંધીઓ, લહિ ગોટો તે મન લલચાય
—સખી.
સંપે સજ્જન સંગથી દુર્ગુણ દુરિજન ખોય
અંગારામાં મળી રહે, તજે કાળાસ કોયલો કોય—સખી.
ઝીણાં સુતર તાંતણાં અગણીત જહિં જોડાય
દોર બને બળવાન તે, ભારી વજનની વસ્તુ ઝીલાય-સખી.
સુરજ શશી ને ગૃહ બધે, ગગને નિરાધાર

અરસ પરસના સ્નેહથી, ફરે વિઘ્ન રહિત નિરધાર—સખી.
અવયવ રજકણુ અંગના, સાંપી ધરશે સ્નેહ
સુખ સંપત આરોગ્યતા, નિત મેળવી વિલસે દેહ—સખી.
નગર ગામમાં માનવો વસ્યા સંપને કાજ
બળીઆ વેરી હારીને, જાય નાશી ડરી ધરી લાજ—સખી.
વનમાં વસનારાં પશુ વેરે કરે વિનાશ
સ્નેહ સંપથી મીટશે, ભુંડાં જુલમી તે તાપને ત્રાસ—સખી.
સંપ સ્નેહથી જગતમાં, શાંતિ સુખ સુહાય
વિદ્યા હુન્નર ઉદ્યમે, ખરી વૃધ્ધિ તે દેશની થાય—સખી.
સૃષ્ટીની રચના રૂડી નિરખી કરે વિચાર
સ્નેહ સંપ એ નિયમની, જોશે લીલા બધી હિતકાર—સખી.
એજ નિયમને પાળીને રાઝવશું નિજ ઈશ.
પ્રેમ પીયુષના પાનથી, ઉર આનંદમાં હું રહીશ—સખી.

૮

મુકો મુકોની માન સહુ માનવીરે લોલ
સહુ સંતતિ તે એકનીજ માનવીરે લોલ ।।
દેહ જુદી જુદી છો ભલે પ્રકાશતીરે લોલ
રૂધીર, માંસ, અસ્તી ને ત્વચાની ભાસતીરે લોલ ।।
આંખ, કાન, નાક, ઇંદ્રિ સર્વ સર્વનેરે લોલ

નથી ભિન્નતા તહીં શું કરો ગર્વનેરે લોલ ॥
ભુખ તરસથી સમાન સહુ પિડાય છેરે લોલ
આધિ, વ્યાધિ, ને ઉપાધિ બધે થાય છે રે લોલ ॥
સહુ અન્ન ફળ ખાઇ પીએ નીરનેરે લોલ
શરિર રક્ષણે ધરે બધાય ચીરનેરે લોલ ॥
તૃષા તાપ શીતથી વિમુક્ત કો નથીરે લોલ
હરખ શોક સુખ દુઃખ સદા સારથીરે લોલ ॥
સહુ પૃથ્વી પૃષ્ઠ ઉપર જો નિવાસતારે લોલ
એક વાયુ વડે સર્વ જીવ શ્વાસતારે લોલ ॥
જનમ મૃત્યુને તે સરવ આધીનછેરે લોલ
એક પૃથ્વી સરોવર તણા ન લીનછેરે લોલ ॥
બાલપણુને જુવાની જરી દેહનેરે લોલ
લહો એક તત્વની રચેલ એહનેરે લોલ ॥
અગણ પ્રાણિઓનો એક કીરતાર છેરે લોલ
ભેદ બુધ્ધિ તહીં જાણવી અસાર છેરે લોલ ॥
રહી ભિન્નતા તે માત્ર વચમાં ઘણીરે લોલ
જેથી રચના રચાઇ ઘેરણો તણીરે લોલ ॥
સરવ ભાઇ બેન એમ નિત્ય જાણવું રે લોલ
એક સંપિતું કુટુંબ એ પ્રમાણવું રે લોલ ॥
તજી દ્વેષ કલેશ સર્વ સ્નેહમાં રહોરે લોલ
તમે સુખદાઈ ઐક્યતા સદા ચહોરે લોલ ॥

થશે વૃધ્ધિ એમ આપની સ્વદેશનીરે લોલ
કરો પુર્ણ કૃપા પ્રાપ્ત પરમેશનીરે લોલ ॥

૯

(નર્મદા શું ગાઉં શોભા સાંજની એ રાગ)

સાચું સદાય બેન બોલવું
હાંરે હરીની કૃપાનું દ્વાર એમ ખોલવું--હોજીરે--સાચું.
હાંરે સાચું એજ શ્રેષ્ઠ ધર્મ સર્વ માનજો
હાંરે નથી અન્ય પુણ્યકારી એ સમાનજો--હોજીરે--સાચું.
હાંરે જૂઠું વેષધારી ધૂર્ત તે સદા લહો
હાંરે વિત જાય દુખ થાય દુર તો રહો--હોજીરે--સાચું.
હાંરે દુખનાં તિમીર માંહે જૂઠું દોરશે
હાંરે ભ્રમણમાં ભમાવી શાંતિ સર્વ ચોરશે--હોજીરે--સાચું.
હાંરે સત્યનો પ્રતાપી સુર્ય જ્યાં પ્રકાશશે
હાંરે મીટી વહેમ ભીતિ, વિશ્વસુખી ભાસશે-હોજીરે--સાચું.
હાંરે વધે સુખ સ્નેહ શાંતિ સત્યથી સદા
હાંરે ટળે કષ્ટકારી સર્વ કલેશ આપદા --હોજીરે--સાચું.
હાંરે સર્વ વિશ્વ એક સત્ય આશ્રયે રહ્યુ
હાંરે મુળ તે વિનાશનું અસત્યમાં લહ્યુ--હોજીરે--સાચું.
હાંરે સત્યનું સ્વરૂપ વિશ્વનાથ ન્યાળજો
હાંરે સત્યના વિનાનું અન્ય વ્યર્થ ટાળજો--હોજીરે--સાચું.

૧૦

(આજ અવિનાશી મંયા કહે રહો કાલ વન જાજો)

બહુ વિચારી; કામ બધાં કરવાં રે બેન સદાંએ
વણુ વિચારે કરશે તે પાછલથી બહુ પસ્તાએ—ટેક
બળ હિણુા તે જન જે હોએ
મસ્તી તોફાન કરે કોએ
કરી નિજ શરીરે હાની રોએ--બહુ વિચારી
અવિચારી વેણુ કદિ ઉચરે
પરજનને દુઃખને ક્રોધ કરે
બહુ હોય હેત તે તરત હરે--બહુ વિચારી
નહી રૂપ સકળનુ જન ન્યાળે
નહી ગુણુ અવગુણુ પુરા ભાળે
કયમ સાચો નીશ્ચય તે વાળે --બહુ વીચારી
જે નહિં જોયું તે આવી નડે
શુળ દુખદા નીપને આપ વડે
ગત કાળ ફરીથી નહીંજ જડે--બહુ વીચારી
જન અંધ ખરો જે નહી જોએ
બહુ વૃધ્ધ છતે બાળક તોએ
પડી ખાઇ મહી જીવ તે ખોએ--બહુ વિચાંરી
વિદ્યા વણુ નહિંજ સમજ આવે
જન સમજ વીના મુરખ કહાવે

વેચે મણીને પત્થર ભાવે—બહુ વિચારી
જન સમજણુ વણુ ન ફરજ જાણે
છોને નીજ જુઠા મત તાણે
ચુક ફરજની પાતક પરમાણે—બહુ વિચારી
દહિં મહીથી માખણ લેવું છે
કરી છાશ વરોળવી એવું છે
સાચું આ સૌને કહેવું છે—બહુ વિચારી
વધતું તન બળ જ્યમ કસરતથી
મન ખીલશે તેમ વિચારજથી
પામો પરિણામે સુખ અતિ.—બહુ વિચારી.

૧૧

(નાગરનંદાજીના લાલ રાસ રમતાં મારી નથની ખોવાઈ)
એ રાગ

કહીએ કોમળ મીઠી વેણ, ડરીએ બહુપરપીડ થકી
પર પીડાથી ડરી ડરી નિત્યે, સુખ સઘળાંને કરીએ ।। ટેક
આપણને તેવું બીજાને, સહુને સરખું લાગે
પ્રાણીમાત્રને બાણ તિવ્ર તે, સમાન શરીરે વાગે-કહીએ
ભલે હોય સાચું કડવું પણ, જુઠાને નહિં ભજીએ
યુક્તિથી ઉચરવું સાચું, સાચું કદિ નહિં તજીએ-કહીએ.
શાણા તે સાચાથી રીઝે, મૂરખ રીસ ચડાવે
કડવું ઓસડ વૈદ ગોળમાં, બાળકને ખવડાવે--કહીએ.
મીઠી કોમળ વાણી સહુને, લાગે છે બહુ પ્યારી

હરે કલેશ ને કરે મીત્રતા, પરીતાપ હરનારી-કહીએ.
કઠીન લાકડાનો કકડો જડ, સીતાર તે સુહાએ
મધુર નાદથી મોહી મનુષરે, ફરી ફરી તેને ચાહે-કહીએ.
ઉપદેશો કડવા કરનારા, ભજન ભલેરાં ગાએ
રોમ રોમ રાજી થઇ શ્રોતા, પ્રેમે પડતા પાએ-કહીએ
કઠીન વચન મુખથી નીકળે ત્યાં, હૃદય કઠીન વિકારે
જવાળા મુખી હિંસા કરનારો, અગ્નિ ઉદરે ધારે-કહીએ
શિતળ ચંદ્રમા સમાન થઇને અમૃત વાણી ઝરજો
પૂજાશો જન મંડળ માંહી સમતા સહુમાં ધરજો-કહીએ

૧૨

(રાગ—મારારે સમ બોલોની વ્હાલા)

કરૂં માત તાત તણી સેવા
મીઠા એવા મળશે નહીં મેવા ॥ ટેક
સહે કષ્ટ કઠિન તે મુજ કાજે
અચળ મુજ હિત હૃદયે રાજે
સહજ મુજ દુખથી તે દિલ દાઝે—કરૂં માત.
ઉછેરી છે કેવી ભલી ભાતે
લડાવીને લાડ શું રીજતાં તે
રીજવતાં તે મુજને બધી વાતે—કરૂં માત.
કસુર મુજ નથી મનમાં લેતાં
શીખામણ સારી સદા દેતાં

કુડી વેણુ કોની નથી સ્હેતાં—કરૂં માત.
થતી બહુ બહુ મુજ નાદાની
સરવ સમજી રાખતાં છાની
પુરે મમ આશ તે મન માની—કરૂં માત.
નહિં હેત એવું બીજે દેખું
જીવન જીવનું હું થઈ પેખું
સ્વારથીઆં તે હેત બીજાં લેખું—કરૂં માત.
જનમ દીધો દેવ તે મારે છે.
દઇ જ્ઞાન અજ્ઞાન ટાળે છે
મને સુખ મારગ વાળે છે—કરૂં માત.
સાધન રૂપ દેહ તે સુહાએ
પ્રભુ ભક્તિ પુણ્ય ઘણાં થાએ
હિથી તેનો પાડ ન વિસરાએ—કરૂં માત.
વિસરતાં કૃતઘ્ના નરક જાઉં
ઓશિંકળ કેમ કરી થાઉં
અગણ ગુણ એના કહીં ગાઉં—કરૂં માત.
પુજું એનાં ચરણ કમળ પ્રીતે
પુરણ સુખ આપું બધી રીતે
પ્રથમ મમ ધર્મ ને નિતી તે—કરૂં માત.

૧૩

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાગ)

પામી પહવી મોટી ઘર ધણીઆણીની

નચિંતાઈને આળસ નહિજ સુહાયજો
ચતુર થઈને નજર બધે નહિં રાખીએ
હાની બહુ વિધ એથી અંતે થાયજો—પામી પદવી.
ફરજ ઘણી માથે હોરી છે આપણે
ફરજ ચુકે તે દોષિત બધે મનાયજો
પાળે છે પ્રીતેથી નિશ દિન નાર જે
અહિં સંસારે જશથી તે તરી જાયજો—પામી પદવી.
પતિની પ્યારી થઇ નિત પતિ હિત સાચવો
વારો તેને કરતાં વિપરીત કામજો
શાણા મંત્રી રૂપે રહી વરતો સદા
સહુ વ્યવહારે મેળવવું શુભ નામજો—પામી પદવી.
પીડીત શ્રમ પરિતાપ વિપતથી જો પતિ
કરજો તન, મન, ધિરજે સેવા સારજો
શીતળતા સુખ શાંતિ કરવી સર્વદા
તમ જીવનનો જીવન એ નિરધારજો—પામી પદવી.
પરમપુજ્ય સહુ વડીલ જનોને માનવાં
રીજવવાં સેવાથી તે હુંમેશજો
રચના બાંધો ઘટીત બધાં ઘર કામની
વણશે વસ્તુ કસુર થતાં માં લેશજો—પામી પદવી.
હેતેથી હલકા જનને નિત હાંકવા
કોમળતાથી કહેવી તેની કસુરજો
વરતો તેસું વજન વડું નિજ જાળવી

હલકી નીચી વાતોથી રહી દૂર જો—પામી પદવી.
પોષણ કરવું સહુનું રૂડી રીતથી
ઉછેરવાં સંભાળી નિજ સંતાનજો
શીખામણ મીઠું જળ સ્નેહે સીંચવું
કેળવવાં છે તન, મન બેઉ સમાનજો—પામી પદવી.
બાળપણે અંતરમાં બોધ છપાય તે
ભુસેલો તે નહિંજ કદિ ભૂસાય જો
ભવિષ જીવનનો પાયો એને જાણવો
સર્જન દુર્જન જન પરિણામે ગાયજો—પામીપદવી.
જેવું દેખે તેવું શીખશે બાળકો
દેશ હિત છે બાળકને આધારજો
બાળકનું છે ભવિષ બધું તમ હાથમાં
સમજો છે એ તમ શીર ભારે ભારજો—પામી પદવી.
વિશ્વ વિશે સત્તા બહુ પ્રસરી નારની
એથી જગના હેતુ સરવ સધાયજો
એમ વિચારી નિશ દિન વરતો સર્વરે
જગકર્ત્તા તે પુરણ પ્રસન મન થાયજો—પામી પદવી.

૧૪

(મળજો મળજો મળજોરે મારા સમ કાલે મળજો)

થઇએ થઇએ થઇએરે સહુ કુટડાં બેનો થઇએ—ટેક
તનનું તેજ વિશેષ વધેરે, સ્વચ્છ સદા જો રહિએરે-સહુ.

સદા ચરણુનાં વિનય ભરેલાં, પટકુલ સુંદર ગ્રહિએરે—સહુ.
બહુ મુલના શણગારો સુંદર, સદ્ગુણના સજી લઇએરે—સહુ.
રૂપવતી નારી તે જેનું, અંતર સુંદર લહિએરે—સહુ.
ચામ રૂડી પણ અંતર ભુંડું, ઇંદ્રવાણી ફળ કહિએરે—સહુ.
નયને નીતિ તેજ પ્રકાશી, દુર્મતિ દુષ્ટની દહિએરે—સહુ.
અમૃતરૂપ શિતળ શાન્તિ તે, વિમળ વચનથી વહિએરે—સહુ.
મન હરીએ સહુ જન મંડળનું, ધરી શુભ ઇચ્છા હૈયેરે—સહુ.
સ્વામીતણી નિત સ્નેહે સેવા, સાધી સાચું સુખ સહિએરે-સહુ.

૧૫

(રાગ—શંકર વસે કૈલાસમાં)

વ્હાલો છે ભોગ ભગવાનને
જુઓ સમજીને સર્વ ।। ટેક

વ્હાલો છે ભોગ ભગવાનનેરે, એમ ધર્મ સહુ ગાય
સુખ સંપત સ્નેહ તો વધે, જશ જગમાં ગવાય—વ્હાલો છે
બીજાનું હીત ઉરમાં ધરીરે, છાંડી સ્વારથની વાત
તન, મન, ધન, નિજ અર્પીને, નિત થાવું રળીઆત-વ્હાલોછે
જન હિતમાં તન તોડવુંરે, તન તપ એ વરીષ્ટ
દેશહિતકાજ દેહ હોમવી, રીઝે એથી નિજઇષ્ટ-વ્હાલો છે
જન હિત કારણે હોંસથીરે, દ્રવ્ય નિજ વપરાય
એથી વડું વિશેષ કોઇરે, નહિં દાન તે જણાય-વ્હાલો છે
જપ તે ખરો જન હિતમાંરે, મચી નિશ દિન વાણુ

જન હિત નિત ચિત ચિંતવે, ધરે સાચું તે ધ્યાન--વ્હાલો છે
ન્યાત, જાત, પંથ, પડતા રહોરે રહો દુર અન્ય કલેશ
બેનીઓ બધાય બોધ બુધ્ધિનો, ઉર રાખો ઉદ્દેશ--વ્હાલો છે
સ્વાર્થમાં સમાય હિત એકનુંરે, કરે એક કશું કામ
ઐક્યતા અનેકની બળિષ્ટ છે, લીએ સર્વ પરિણામ--વ્હાલો છે
ભ્રાતૃભાવને સદાય સેવતાંરે, થશે ઉંન્નતિ કલ્યાણ
માનોની મારૂં સહુ બેનીઓ, હું તો કહું છું પ્રમાણ--વ્હાલો છે

૧૬

(નર્મદા શું ગાઉં શોભા સાંજની)

ઉન્નતિ હુજોની આર્ય દેશની

હાંરે કરૂં પ્રાર્થના સદાય એજ ઈશની હોજીરે--ઉન્નતિ.
હાંરે હતી પૂરવે શું એજ તેજ મૂરતી
હાંરે માન દુષ્ટ દુશ્મનોનું કેવું ચૂરતી હોજીરે--ઉન્નતિ.
હાંરે કુશળતા, કળા અનેક જયાં પ્રકાશતી
હાંરે અગણ સ્વરૂપથી સરસ્વતિ નિવાસતી હોજીરે--ઉન્નતિ.
હાંરે શોભી સદ્ગુણોની તે સદાય મૂરતી
હાંરે છાઇ છેદિગંતમાં સુવાસિ કીરતી હોજીરે--ઉન્નતિ.
હાંરે શૌર્ય સંપ શાંતિ સુખ સર્વ સંપતિ
હાંરે થતાં નેન તૃપ્ત ન્યાળિ ન્યાળિને અતી હોજીરે--ઉન્નતિ.
હાંરે રમ્ય વાડી તે અરણ્ય જો જણાય છે
હાંરે દેખી દેખી બહુ દિલડું દઝાય છે હોજીરે--ઉન્નતિ.

હાંરે ઉંચા ગુણ ધારી નારી આપણે થશું
હાંરે દેશ કેરૂં હિત અચળ રૂદય રાખશું હો જીરે--ઉન્નતિ.
હાંરે સીતા, દ્રોપદી ને મૈત્રી મંદોદરી
હાંરે ચતુરને સુલક્ષણા અનેક સુંદરી હો જીરે--ઉન્નતિ.
હાંરે થઈ દિવ્ય અંશી રજપુતાણીઓ ઘણી
હાંરે માત, બેન, પત્નીશોભી વીરક્ષાતણી હો જીરે--ઉન્નતિ.
હાંરે દેવળ દે ને મીરાંબાઇ વડી વિરમતી
હાંરે રાણકદેવી આદિ કેવી શોભતી અતી હો જીરે--ઉન્નતિ.
હાંરે તેનું તેજ આજ પણ બધે પ્રકાશતું
હાંરે આર્ય ભૂમી માત ના થતી ઉદાસતું હો જીરે--ઉન્નતી.
હાંરે દેશ ઉન્નતિ તે નાર આશ્રયે રહી
હાંરે રહી મુર્ખ આપણે શું જાગશું નહિં હો જીરે--ઉન્નતિ.
હાંરે થશું નાર કિર્તીવંત સર્વ સાહેલી
હાંરે સેવું સેવું આર્ય ભૂમી માતને ભલી હો જીરે-ઉન્નતિ.

૧૭

જેવિરે સ્થિતી મહિ કીરતાર તું રાખે
ચતુર તેનું સંતોષથી સુખ ચાખે ॥ ટેક
સાચુંરે સુખ સંતોષ માંહી વિલાસે
ચપળ ચિત કરવું ન નવ નવી આશે
વ્યરથ ઉતપાતથી શું ફળ થાશે ॥ જેવી
કહો કાણિ કોઠી તે કયમરે ભરાએ

પડચુ઼ં પાણી ચાલણીમાં વહી જાએ
વ્યરથ નહીં તૃપ્તીના સરવ ઉપાએ ॥ જેવી
ભલે નિર્ધનતા, ન તેથી હું હારૂં
નહીં જુઠો બાળીશ જીવ હું વારૂ
જીવન સદ્‌ગુણે શોભાવિશ સારૂં ॥ જેવી
ધરિશ મુજ તનપર કંઇ પટકુળ,
વૃષા શીત તાપને જે અનુકૂળ
સારે વધુ અર્થ શું વસ્ત્ર અમૂલ ॥ જેવી
નથિજ શણગારની કંઇ દરકાર
દીપે શણગારનું તેજ અપાર
નથી દીપતું તન તેથી લગાર ॥ જેવી
કુરૂપ નિજ પ્રગટ તે તેજથી થાએ
અધિક તેજથી રૂડી કાંતિ છુપાએ
એવો વસ્ત્ર ભૂષણનો મહીમાએ ॥ જેવી
ઝરણુ જળ નિર્મળ છે નિજ પાસે
મુરખ મૃગજળ લહીને દુર ધાશે
પામે પરિણામ તે કેવું પ્રયાસે ॥ જેવી
સુકી ભાખરી તે રૂચીથી આરોગી
લહે પકવાનથી મીઠી ને મોઘી
રહે નિજ શરિર સદાય નિરોગી ॥ જેવી
કીધું અન્ન શરિરના રક્ષણ કાજે
રૂચિત અન્ન અમૃત તુલ્ય વિરાજે

સહુ જાડું પાતળું ભૂખને ભાંજે ॥ જેવી
લઘુ જળાશય મહા મીન નિવાસે
જશે જળ નિધિમહી બહુ આશે
તહીં જીવ જોખમ માંહી ફસાશે ॥ જેવી
વરૂ વાઘ જંગલમાં બળવાન
નગરમાં જશે ધરી લાભ ગુમાન
બહુ માર ખાઇ ખોશે નિજ જાન ॥ જેવી
વધી વસ્તુ ચિંતાને અધિક વધારે
વધે ચિત ચિંતા પછી સુખ કયાંરે
હિશે નહી લોભની કાંહી સીમારે ॥ જેવી
નથી સુખ લોભને લાલચ માંહી
મળ્યું તેથી મગન રહું મન માંહી
પુરણ પાડ માનું હરી ગુણ ગાઇ ॥ જેવી

૧૮

(માછીડારે હોડી હુલકાર—એ રાગ)

રમજો રમત હિતકાર, મન જો છે રમવાનું ॥ ટેક
મોજ મજાથી મસ્તી તોફાને. થાય હાણીને હાર—મનજો
માર બીજાને મારીને ખાવો, પોતે વડીલનો માર--મનજો.
ગાળ ગળીચી કુડાં વચન એ, દુર્ગંધ મુખમાં અપાર-મનજો
મન મલકાવો નહિજ મજાકે, કલેશની એ કરનાર--મનજો
હેત વધે ને સહુ મન રીઝે, રમત ગમતનો સાર—મનજો
વડીલ જનોને માઠી રમતથી, થાઓ છો દુઃખ દેનાર-મનજો

સહુ જન મંડળ કરશે વગોણું થાશે બધે ધિક્કાર-મનજો,
શાન્તિ અને બહુ શાણુપણેથી, પામો પ્રીતી નિરધાર-મનજો

૧૯

આજ શોભાવી સારી નિશાળનેજો
કિધાં કિધાં, આભારી ભારી બાળનેજો ।। ટેક
મળી સજ્જનોની સારી આજ મંડળીજો
જોઇ જોઇ ને હું પામું ઉરમાં રળીજો ।। આજ
સહુ આજ કાલ સ્વાર્થ માંહ્યલીન છેજો
કેવો દેશ કુલીન આ ખિન્ન છેજો ।। આજ
ખરો સ્વાર્થ તે પરાર્થથી સધાય છેજો
સહુ સુખી થકાં આપ સુખ થાય છેજો ।। આજ
હિત દેશનું તે બાળ આધાર છેજો
ટળી બાળને બનેજ નર નાર તેજો ।। આજ
દેશ ઉન્નતિ ન માત્ર મુખ બોલતાંજો
વડાં વૃક્ષો વિપતના ન ડોલતાંજો ।। આજ
સદ્ વિદ્યા સાધન સહુ સૂખનુંજો
ટળે તેજે, તીમીર વૃંદ દુખનુંજો ।। આજ
ધન્ય ધન્ય કૃપાળુ સરકારનેજો
ધન્ય ધન્ય નિશાળ સ્થાપનારને જો ।। આજ
ધન્ય ધન્ય માત તાત હિતકારનેજો
ધન્ય ધન્ય ગુરૂજી બોધનારનેજો ।। આજ
ધન્ય ધન્ય જે રાજી ઉ-તેજનેજો

સાચી વૃધ્ધી તે સિધ્ધ એથી બનેજો ॥ આજ
આજ રૂડાં ઇનામ વહેંચાય છેજો
હરખી હરખીશું બાળકો પુલાય છેજો ॥ આજ
અહો સજ્જનો કૃપા કરી પધારીઆજો
ઉર આનંદ અમને વધારિયાજો ॥ આજ
પ્રભુ વીનતી કરૂં ફરી ફરી અમેજો
કરો સર્વનું કલ્યાણ, ધણી છો તમેજો ॥ આજ
પુરણ પ્રીતથી આ સર્વને પ્રણામ છેજો
કરો જય જય સદાય શુભ કામ છેજો ॥ આજ

૨૦

(સાંભળરે તું સજની મારી)

લહી કૃતિ શ્રી કિરતાર કેરી,
વિસ્મયતા બહુ વ્યાપેજી;
સમય સ્વરૂપને વિધ વિધ બદલી,
સુખ ને શિક્ષા આપે—શી બલિહારીજી
આવ્યો ઉનાળો સુરજ તપે છે.
દિવસ વીતે ઉકળાટેજી;
તરૂવર છાયા શીતળ પાણી,
પાંથિ જુએ છે વાટે—શી બલિ૦
પાંથી વડો જીવ જન્મી જગતમાં,
વિચરતો વન વિરોધેજી;
સંતોષ જળને સદ્બુધ્ધની,

શિતળ છાયા શોધે—શી બલિ૦
થંડુ બરફ ને સરબત મેવા,
લેતાં નગરનાં વાસીજી,
બાગ બગીચા ફુલ ફુવારા,
નદિ તટ છે સુખરાશી—શી બલિ૦
નીગળતો પરસેવે ખેડુત,
ખેતરમાં શ્રમ માંડેજી;
બીજ રૂડાંની રોપણી કારણ,
ખુંપરા ખોદી કહાડે—શી બલિ૦
દુર્ગુણ એ ઉખેડીને અંતર,
કેળવી કોમળ કરીએજી;
સદગુણનાં બીજ રોપી પછીથી
પાક ભલેરો ભરીએ—શી બલિ૦
ક્રોધ અને પરિતાપ બીજા બહુ,
તાપ રૂપે ત્યમ પીડેજી;
સેવી સદા શાંતી સદ્બુધ્ધિ,
સુખમહી શાણા હીંડે—શી બલિ૦
પવન વંટોળે તોફાન થાતાં,
નાવ તે દરિયે ડોલેજી;
નાવિક દ્રઢ ને ચતુર ચલાવે,
નાવ તહિં સમતોલે—શી બલિ૦
સંસાર સાગરમાં વ્યવહારે,
ઉઠે બહુ તોફાનોજી,
ધિરજ ચતુરાઈ જો ન ધરિ તો,
હાણ ખરેખર માનો—શી બલિ૦
કષ્ટ વેઠયા વીના સુખ કિર્તી,

જગમહી નહિંજ પમાએજી,
વર્ષા રૂતુનો આરંભ થાતાં,
ઘામથી જીવ ગભરાએ—શી બલિ૦
કાળાં ભયાનક વાદળનાં દળ,
ચોગરદમથી દોડેજી;
વિજળી ચમકતી થાય કડંકા,
જાણે ગગનને તો[illegible]—શી બલિ૦
નદિ નાળા જળાશય સ[illegible],
અતિશય જાય સુકાઈજી;
તાપ ભુંડો છે નિશ્ચય ત[illegible] મન,
તાપથી જાય તવાઇ—શી બલિ૦
તારા છવાયા છવાયો શશીરે,
લીધો સુરજને ઘેરીજી;
તોય એ સરવે ચુકતા નથીરે,
કૃતિ કદી નિજ કેરી—શી બલિ૦
એજ પ્રમાણે સર્વે મનુષ્યે,
કર્તવ્ય તે નિજ કરવું જી,
હામથી વિઘ્ન જશે વીખરાઇ,
સુખે પછી સંચરવું—શી બલિ૦
જોતાંજોતાં બહુ જોર મહીશું.
છુટી રહી જળ ધારાજી;
તાપથી પીડીત પૃથ્વીને કરતી,
અંતર તૃપ્તી અપારા—શી બલિ૦
પૃથ્વી પ્રફુલ્લ તે પુષ્કળ થાતી,
સુંદર સ્વરૂપ સુહાએજી;

વિધ વિધ ધાન્ય વનસ્પતિ નિપજે,
જીવ સકળ હરખાએ—શી બલિ૦
મેઘની પેરે પરઉપકારી,
થઇ પરદુઃખને હરવુંજી;
સ્વાર્થરહિત સદ્ભાવનું સહુમાં,
સિંચન સાથે કરવું—શી બલિ૦
સુગંધી સુંદર પુષ્પ નવિન જે,
વેલ ને વૃક્ષ વિરાજેજી;
સદ્ગુણ એમ સજે તે શોભિત,
નર નારીઓ રાજે—શી બલિ૦
મેળા હિંડોળા ને મિજબાની,
ભક્તિ પ્રભુ ગુણગાનેજી;
આનંદ ઓચ્છવ ઘર ઘર વિલસે,
શ્રાવણમાં શુભ ટાણે—શી બલિ૦
આકાશ કેવું નિર્મળ થાએ,
શરદ ૠતુ જહિં આવેજી;
ચંદ્ર ખીલીને વિશ્વ સકળને,
અમૃત પાન કરાવે—શી બલિ૦
તોફાન મીટી સરવ સ્થાને,
જળ સ્થળ શાંત સુહાએ જી;
માણેકઠારી અહુ ચિતહારી,
ગરબા બધે જન ગાએ—શી બલિ૦
અન્ન ખેતરમાં પાકી રહ્યાં છે,
આવી છે રૂડી દીવાળીજી;

બેશે નવું જો વર્ષ વિક્રમનું,
  આશ ભવિષ્યમાંભાળી—શી બલિ૦
વાદળ કાળાં અજ્ઞાન કેરાં,
જાતાં બધાં વિખરાઈજી;
  સદ્બુધ્ધિનો પુર્ણ કળાનો,
  ખીલે શશી સુખદાઈ—શી બલિ૦
કુતર્કના બહુ પવનથી ઉઠ્યાં,
તોફાન સરવ સમાવોજી
શાંતિ અતિ ચિતમાં ધરી ધરીને,
  લેવો જીવનનો લ્હાવો—શી બલિ૦
ખેડુત ખેતરમાં રહી નિત્યે
પાક બધો સંભાળેજી,
લુટી જતાં દુર્જન પંખીને,
  રાત ને દિવશ ખાળે—શી બલિ૦
વ્હેમ ને દુર્મતિ દુર્ગુણ સામે,
સાવધ રહેવું સદાએજી;
કાળજી રાખી નહિ તો કરેલાં,
  સુકૃત લુંટી જાએ—શી બલિ૦
કોવાણ ગંદા વાતા વરણને,
જહિં તહિં છેક બીગાડેજી,
ચોખાઈથી છે સુખ સદાએ,
  શરદની રૂતુ શીખાડે—શી બલિ૦
હેમંત શીશીર, તેજ શીઆળો,
આરોગ્યતા વિસ્તારેજી;

શીત કુકડતી
ધુંડવાં વ
સુવાળું સર
ફાટીને તન
ગરીબ તવ
ખોરા
શરીર
એ સૂ
તન ર
સુ
આવી
વિશ્વ
મોગરે
પીર
એમ સુ
પ્રાણી સ
સંગત તે
ગુણ
વૃક્ષ ને
ફળ ફુલ
ફળ ફુલ
લઇ
સારી
એમ
જેવું

—શી બલિ૦
રે છે,
;
ોધી,
ંશી બલિ૦
ચા,

ર,
બલિ૦

બલિ૦

તી બલિ૦

ને ત્યાં,
શી બલિ૦

બલિ૦